એમજીવીસીએલની કાનૂની રજૂઆત સ્વીકારીને સીજીઆરએફનો નિર્ણય યથાવત રાખ્યો

સ્માર્ટ મીટર માટે ગ્રાહકની પૂર્વ સંમતિ જરૂરી નથી : વીજ લોકપાલનું સમર્થન

માત્ર વિરોધના આધારે જૂનું મીટર ન લગાવી શકાય

(પ્રતિનિધિ)વડોદરા,તા.5

સ્માર્ટ મીટરના મુદ્દે ગુજરાત વિદ્યુત નિયામક આયોગના વીજ લોકપાલે સ્પષ્ટ કર્યું છે કે સ્માર્ટ મીટર સ્થાપન માટે ગ્રાહકની પૂર્વ સંમતિ કાયદાકીય રીતે આવશ્યક નથી. એમજીવીસીએલની કાનૂની દલીલોને વૈધાનિક ચકાસણી બાદ લોકપાલે માન્ય રાખી છે. આ મહત્વપૂર્ણ આદેશ મહેન્દ્રકુમાર ડી. પટેલ વિરુદ્ધ એક્ઝિક્યુટિવ એન્જિનિયર, એમજીવીસીએલ, લાલબાગ ડિવિઝન, વડોદરા કેસ નં. 9/2026 માં તા. 29 જૂનના રોજ આપવામાં આવ્યો છે. સુનાવણી દરમિયાન એમજીવીસીએલ દ્વારા રજૂઆત કરાઈ હતી કે ઈલેક્ટ્રિસિટી એક્ટ 2003 સીઈએ મેટરીંગ રેગ્યુલેશન્સ ઈલેક્ટ્રિસિટી રાઈટ ઓફ કન્ઝ્યુમરસ રુલ્સ 2020 તથા જીઈઆરસી ઈલેક્ટ્રીસિટી સપ્લાય કોડ હેઠળ વિતરણ કંપનીને સ્માર્ટ મીટર સ્થાપિત કરવાની તથા જરૂર પડ્યે હાલના મીટર બદલવાની સત્તા પ્રાપ્ત છે. આ કાનૂની જોગવાઈઓમાં ક્યાંય પણ ગ્રાહકની પૂર્વ સંમતિ ફરજિયાત રાખવામાં આવી નથી. વીજ લોકપાલે પોતાના આદેશના પેરા 4.15 માં એમજીવીસીએલની આ કાનૂની દલીલોનું વિગતવાર પરીક્ષણ કરીને નોંધ્યું કે સ્માર્ટ મીટરનું સ્થાપન લાગુ કાયદા-નિયમો અનુસાર થયું હતું. લોકપાલે એમજીવીસીએલની કાનૂની રજૂઆત સ્વીકારીને સીજીઆરએફનો નિર્ણય યથાવત રાખ્યો છે.

આદેશમાં એ પણ નોંધવામાં આવ્યું કે અરજદાર સ્માર્ટ મીટરમાં કોઈ ટેક્નિકલ ખામી, ખોટું રીડિંગ કે બિલિંગમાં ગડબડના વિશ્વસનીય પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહ્યો હતો. તેથી માત્ર સ્માર્ટ મીટરનો વિરોધ અથવા જૂનું મીટર પુનઃસ્થાપિત કરવાની માંગ કાયદેસર રીતે સ્વીકાર્ય નથી. લોકપાલે સ્પષ્ટતા કરી છે કે જો વડોદરાના કોઈપણ ગ્રાહકને સ્માર્ટ મીટરની ચોકસાઈ અંગે શંકા હોય તો જીઈઆરસી સપ્લાય કોડ હેઠળ થર્ડ-પાર્ટી મીટર ટેસ્ટિંગ કરાવી શકાય છે. પરંતુ માત્ર પૂર્વ સંમતિ ન લેવાઈ હોવાના આધારે સ્માર્ટ મીટર દૂર કરીને જૂનું મીટર ફરીથી લગાવવાનો કોઈ કાનૂની અધિકાર ગ્રાહકને નથી. આ નિર્ણયથી સ્પષ્ટ થાય છે કે, સ્માર્ટ મીટર સ્થાપન સંબંધિત એમજીવીસીએલની કાનૂની દલીલોને જીઈઆરસી વીજ લોકપાલે કાયદાકીય ચકાસણી બાદ માન્યતા આપી છે અને પુષ્ટિ કરી છે કે લાગુ કાનૂની માળખા હેઠળ સ્માર્ટ મીટર સ્થાપન માટે ગ્રાહકની પૂર્વ સંમતિ આવશ્યક નથી.

જેતલપુર બ્રિજ પર બેકાબૂ મર્સિડીઝે બાઈક સવારોને અડફેટે લીધા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૫

વડોદરા શહેરના અકોટા પોલીસ મથકની હદમાં આવતા જેતલપુર બ્રિજ પર એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે. પુરપાટ ઝડપે આવી રહેલી એક મર્સિડીઝ કારના ચાલકે બાઈક પર જઈ રહેલા બે યુવકોને ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટના બાદ માનવતાને શરમાવે તેવી બાબત એ બની કે અકસ્માત સર્જીને કારમાં સવાર મહિલા ચાલકે સ્થળ પર ઉભા રહેવાને બદલે કાર પૂરઝડપે હંકારી મુકી ફરાર થઈ ગઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, જેતલપુર બ્રિજ પરથી પસાર થઈ રહેલા બે યુવકોને મર્સિડીઝ કાર નંબર જીજે ૦૬ આરએફ ૮૦૧૯ ના ચાલકે જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે બંને યુવકો રોડ પર ફંગોળાઈ ગયા હતા. આસપાસના લોકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા બંને ઘાયલ યુવકોને સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

રેડ તો પડી... પણચરસ ક્યાં ? પોલીસ પહોંચી એ પહેલાં જ 'પુરાવા' ગાયબ?

વડોદરા શહેરમાં ડ્રગ્સના વેપાર સામે પોલીસ ઝીરો ટોલરન્સની વાતો કરે છે, પરંતુ કેટલીક કાર્યવાહી એવી જોવા મળે છે કે જાણે ડ્રગ્સ પેડલરોને પણ પહેલેથી જ "વેલકમ એલર્ટ" મળી જતું હોય! પોલીસ પહોંચે ત્યાં સુધી બધું સાફસૂથરું... અને પછી જાહેરખબર–"કંઈ મળ્યું નથી."

તાજેતરમાં એક જાગૃત નાગરિકે પોતાની ઓળખ જોખમમાં મૂકી મહિલા કેરિયર પાસેથી ચરસનું સેમ્પલ મેળવી પોલીસને સોંપ્યું. એટલું જ નહીં, હજુ પણ તેની પાસે નોંધપાત્ર જથ્થો હોવાની ચોક્કસ માહિતી પણ આપી. હવે સામાન્ય નાગરિકને તો લાગ્યું હશે કે આ વખતે મોટો પર્દાફાશ થશે.

પણ થયું શું?

પોલીસ પહોંચી, રેડ પડી... અને ચરસ જાણે પાંખો લગાવી ઉડી ગઈ! સેમ્પલ સાચું, માહિતી સાચી, સ્થળ સાચું... છતાં જથ્થો ગાયબ! હવે આને તપાસની સફળતા કહેવાય કે પુરાવાની અદભૂત "આત્મનિર્ભરતા"?

શહેરમાં લોકો હવે કટાક્ષ કરી રહ્યા છે કે કદાચ ડ્રગ્સને પણ પોલીસની ગાડીનો સાઇરન દૂરથી સાંભળવાની ખાસ આવડત હશે. અથવા તો કોઈ એવો "અદૃશ્ય મેસેન્જર" હશે જે રેડ પહેલાં જ સંદેશો પહોંચાડી દેતો હશે!જૂની કહેવત છે–"સાપના ઘેર સાપ જાય તો એકબીજાને ઓળખી જ લે." આ કહેવત અહીં માત્ર ચર્ચાનો વિષય છે કે પછી હકીકત તરફ ઈશારો કરે છે, એ તો નિષ્પક્ષ તપાસ જ કહી શકે.

આ આખી ઘટનાએ અનેક સવાલો ઉભા કર્યા છે. જો સેમ્પલ મળ્યું હતું તો જથ્થો ક્યાં ગયો? જો બાતમી વિશ્વસનીય હતી તો કાર્યવાહી નિષ્ફળ કેમ ગઈ? અને જો કોઈની મિલીભગત કે બેદરકારી હતી તો તેની જવાબદારી કોણ લેશે?પોલીસ કમિશનરની ઝીરો ટોલરન્સની નીતિ ખરેખર જમીન પર ઉતરે તે માટે જરૂરી છે કે માત્ર ડ્રગ્સ કેરિયરો જ નહીં, પરંતુ જો કોઈ વર્દીધારીની ભૂમિકા પણ શંકાસ્પદ હોય તો તેની સામે પણ એટલી જ કડક કાર્યવાહી થાય. નહીં તો લોકો એવો કટાક્ષ કરતાં રહેશે કે "રેડ તો પડે છે... પરંતુ પરિણામ પહેલાંથી જ ગાયબ થઈ જાય છે!"

ટિકિટ એક... દાવેદારો અનેક! માંજલપુરમાં રાજકારણ નહીં, 'સસ્પેન્સ થ્રિલર' ચાલી રહી છે

માંજલપુર વિધાનસભાની પેટાચૂંટણી જાહેર થતાં જ આખા વડોદરામાં જાણે એક જ ઋતુ આવી ગઈ હોય–'ટિકિટ ઋતુ'! શહેરની ચાની કિટલીઓ, પાનના ગલ્લા, બગીચાઓ અને વોટ્સએપ યુનિવર્સિટીમાં હવે માત્ર એક જ વિષય પર સંશોધન ચાલી રહ્યું છે–"ટિકિટ આખરે કોને મળશે?" દરેક દાવેદારના સમર્થકોને તો પોતાના નેતાનું નામ લગભગ જાહેર થઈ ગયું હોય એવી ખાતરી છે. કેટલાક તો સોશિયલ મીડિયા પર એવી ગતિ પકડી છે કે જાણે ચૂંટણી પંચે નહીં, પરંતુ તેઓએ જ ઉમેદવારી જાહેર કરી દીધી હોય!શહેરમાં કટાક્ષ થઈ રહ્યો છે કે કેટલાક નેતાઓની લોકપ્રિયતા હાલમાં માત્ર ફેસબુક પોસ્ટના લાઈક અને વોટ્સએપ સ્ટેટસ સુધી જ સીમિત રહી છે. બીજી તરફ, કેટલાક સમર્થકો તો રોજ સવારે નવી "અંદરની માહિતી" લઈને આવે છે, જે સાંજ સુધીમાં બીજી "અંદરની માહિતી"થી બદલાઈ જાય છે.

ચાની કિટલીઓ પર બેઠેલા રાજકીય વિશ્લેષકોના અનુમાન હવે ટીવી ડિબેટ કરતાં પણ વધુ વિશ્વાસપૂર્વક રજૂ થઈ રહ્યા છે. કોઈ કહે છે "ટિકિટ નક્કી થઈ ગઈ", તો કોઈ કહે "હજી દિલ્હીથી લીલી ઝંડી બાકી છે." વચ્ચે ચા ઠંડી થઈ જાય, પણ ચર્ચા ગરમ જ રહે છે.

વિપક્ષ પણ જાણે આરામથી પોપકોર્ન લઈને આ આખું દૃશ્ય નિહાળી રહ્યો હોય એવી ચર્ચા છે. સૌની નજર એક જ પ્રશ્ન પર છે–ટિકિટ કોને મળશે અને ટિકિટ ન મળ્યા પછી કોણ કેટલું સ્મિત રાખી શકશે?

અંતે નિર્ણય પક્ષનું નેતૃત્વ કરશે, પરંતુ ત્યાં સુધી માંજલપુરમાં રાજકારણ કરતાં વધુ અટકળોનું શાસન ચાલવાનું નક્કી દેખાઈ રહ્યું છે. હાલ તો એવું લાગે છે કે ચૂંટણી પહેલાં મતદાન નહીં, પરંતુ અફવાઓની મતગણતરી જોરશોરથી ચાલી રહી છે!

સયાજી હોસ્પિટલમાં 'સ્માર્ટ' બાંધકામ કે 'સાઇલેન્ટ' સિસ્ટમ? ઇંટો ઊંચી ચઢે છે... જવાબદારી નીચે ઉતરી રહી છે!



વડોદરાની લાઇફલાઇન ગણાતી સયાજી હોસ્પિટલમાં નવું બહુમાળી બિલ્ડિંગ ઝડપથી તૈયાર થઈ રહ્યું છે. વિકાસની ગતિ સરાહનીય છે, પરંતુ તેની સાથે ઊભા થતા પ્રશ્નો પણ એટલી જ ઝડપથી વધી રહ્યા છે. શહેરમાં હવે ચર્ચા બિલ્ડિંગની ઊંચાઈ કરતાં વધુ, જવાબદારીની ઊંડાઈ અંગે થઈ રહી છે.

કોરિડોરમાં ચર્ચા એવી છે કે જ્યારે નાની-મોટી ઘટનાઓ સામે આવતી હોવાનો દાવો થાય છે, ત્યારે સંબંધિત જવાબદાર તંત્રનું મૌન એટલું અડગ કેમ રહે છે? શું બધું ખરેખર નિયમ મુજબ ચાલી રહ્યું છે કે પછી પ્રશ્નો પૂછવા કરતાં ચૂપ રહેવું વધુ અનુકૂળ બની ગયું છે?

શહેરમાં લોકો કટાક્ષ કરી રહ્યા છે કે કદાચ આ કોન્ટ્રાક્ટર પાસે એવી "સ્પેશિયલ પરમિશન" હશે, જે સામાન્ય કોન્ટ્રાક્ટરોને મળતી નથી. નહીં તો સામાન્ય કામમાં પણ નોટિસો અને તપાસનો વરસાદ વરસાવતું તંત્ર અહીં જાણે છત્રી લઈને ઊભું હોય એવું કેમ લાગે?

લોકોમાં એવી પણ ચર્ચા છે કે જો બાંધકામ સ્થળે સલામતી અને નિયમોના મુદ્દે પ્રશ્નો ઊભા થાય છે, તો તેની પારદર્શક તપાસ થવી જોઈએ. જો બધું નિયમસર છે તો સ્પષ્ટતા થવી જોઈએ, અને જો ખામી હોય તો જવાબદારી પણ નક્કી થવી જોઈએ. મૌન ઘણીવાર શંકાને વધુ મજબૂત બનાવે છે.

સયાજી હોસ્પિટલ દર્દીઓ માટે આશાનું કેન્દ્ર છે, પ્રયોગોનું મેદાન નહીં. વિકાસ જરૂરી છે, પરંતુ વિકાસ સાથે જવાબદારી, સલામતી અને પારદર્શિતા પણ એટલી જ જરૂરી છે.

અંતે સવાલ માત્ર બિલ્ડિંગનો નથી. સવાલ એ છે કે જાહેર હિત સૌથી ઉપર છે કે પછી કોઈને પ્રશ્નોથી બચાવવાની અદૃશ્ય દીવાલ વધુ મજબૂત છે?

ફાયર વિભાગનું 'અદૃશ્ય ઇન્સ્પેક્શન'! અધિકારીઓ વગર ચેકિંગ... અને રિપોર્ટ પણ તૈયાર?

વડોદરા મહાનગરપાલિકાના ફાયર વિભાગને લઈને શહેરમાં આ દિવસોમાં એવી ચર્ચાઓ ચાલી રહી છે કે જાણે હવે ફાયર સેફ્ટી નહીં, પણ "ફાઇલ સેફ્ટી" વધુ મહત્વની બની ગઈ હોય!

આરટીઆઈમાંથી બહાર આવેલી વિગતોને આધારે વિવિધ આક્ષેપો અને સવાલો ઉભા થયા છે. સૌથી વધુ ચર્ચા તો એ મુદ્દે છે કે અંદાજે 19-20 કરોડ રૂપિયાના બ્રોન્ટો સ્કાયલિફ્ટના પ્રી-ઇન્સ્પેક્શન દરમિયાન નિયમ મુજબ સંબંધિત અધિકારીઓની હાજરી જરૂરી હોવાનું કહેવાય છે, પરંતુ ચર્ચા એવી છે કે ઇન્સ્પેક્શન સમયે વડોદરા ફાયર વિભાગનો એક પણ અધિકારી હાજર નહોતો. છતાં રિપોર્ટ તૈયાર થઈ ગયો હોવાનું દાવો કરવામાં આવી રહ્યો છે.

શહેરમાં લોકો હવે કટાક્ષ કરી રહ્યા છે કે કદાચ આ કોઈ નવી ટેક્નોલોજી હશે–"વર્ચ્યુઅલ ઇન્સ્પેક્શન", જ્યાં હાજર રહ્યા વગર પણ હાજરી નોંધાઈ જાય અને રિપોર્ટ પણ તૈયાર થઈ જાય!

ચર્ચાનો બીજો મુદ્દો વધુ રસપ્રદ છે. માર્ચ-2026 દરમિયાન તત્કાલીન ચીફ ફાયર ઓફિસર વિદેશ પ્રવાસે હોવાનું કહેવાય છે. છતાં તેમના નામ અને સહીથી અનેક ફાયર એનઓસી જારી થઈ હોવાના દાવાઓ થઈ રહ્યા છે. હવે લોકો સવાલ કરી રહ્યા છે કે શું ફાઇલોને પણ વિદેશ પ્રવાસનો વિઝા મળી ગયો હતો કે પછી સહીની ઝડપ વિમાન કરતાં પણ વધુ હતી?

એટલું જ નહીં, માત્ર કમિશનિંગ લેટરના આધારે બ્રોન્ટો કંપનીને કરોડો રૂપિયાનું ચુકવણું કરવામાં આવ્યું હોવાના આક્ષેપો પણ ચર્ચામાં છે. વિઝા અને અન્ય દસ્તાવેજો પરની સહીઓને લઈને પણ વિવિધ પ્રશ્નો ઊભા થયા છે.

આ સમગ્ર મામલે ગાંધીનગર વિજિલન્સ સમક્ષ સત્તાવાર ફરિયાદ નોંધાઈ હોવાનું જણાવાઈ રહ્યું છે અને તપાસની માંગ કરવામાં આવી છે. હવે શહેરમાં સૌથી મોટો પ્રશ્ન એ ચર્ચાઈ રહ્યો છે કે જો આક્ષેપો એટલા ગંભીર છે, તો તપાસની ગતિ હજુ ધીમી કેમ દેખાઈ રહી છે? અંતે સવાલ માત્ર એક મશીન કે એક રિપોર્ટનો નથી. સવાલ એ છે કે નિયમો ખરેખર સૌ માટે સમાન છે કે પછી કેટલીક ફાઇલો માટે અલગ જ 'ફાયરપ્રૂફ' વ્યવસ્થા છે?

શહેરના ચોખંડીમાં ડોમીનોઝમાંથી મંગાવેલા પિઝામાંથી જીવડું નીકળ્યું

(પ્રતિનિધિ)વડોદરા,તા.5

વડોદરા શહેરના ચોખંડી વિસ્તારમાં આવેલી પ્રતિષ્ઠિત બ્રાન્ડ ડોમીનોઝ પિઝા આઉટલેટમાંથી મંગાવેલા પિઝામાં જીવડું નીકળ્યાનો એક ગ્રાહકે આક્ષેપ કર્યો છે. આ મામલે ગ્રાહકે તાત્કાલિક પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મળતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને પોલીસની હાજરીમાં બંને પક્ષો વચ્ચે સમાધાન થયું હતું. આઉટલેટ દ્વારા ગ્રાહકને ઓર્ડરની સંપૂર્ણ રકમ પરત ચૂકવી આપવામાં આવી હતી. હાલ ચોમાસાની ઋતુમાં જીવજંતુઓ અને ખાસ કરીને ઉડતી માખીઓનો ઉપદ્રવ વધ્યો છે.

આવા સમયે નામાંકિત ફૂડ આઉટલેટમાં પિઝામાં જીવડું નીકળતા ખોરાકની સલામતી અને સ્વચ્છતા અંગે ગંભીર સવાલો ઉભા થયા છે. આ ઘટનાને પગલે વડોદરા મહાનગરપાલિકાની ખોરાક શાખાની કામગીરી પર પણ સવાલો ઉઠ્યા છે. નાગરિકોમાં ચર્ચા છે કે આવા મોટા બ્રાન્ડના આઉટલેટમાં જો સુરક્ષાના પગલાં ન લેવાતા હોય તો સામાન્ય લારી-ગલ્લા પર શું સ્થિતિ હશે? ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા આવા એકમોની નિયમિત ચકાસણી અને કડક કાર્યવાહીની માંગ ઉઠી છે.

સલાટવાડા વણીકર પાગાનો બનાવ

પીપળાના ઝાડની મોટી ડાળી તૂટી પડી, ચારથી વધુ ટુ-વ્હીલર દબાયા

આ બનાવથી તંત્ર દ્વારા તાત્કાલિક સર્વે કરીને જોખમી વૃક્ષો હટાવવાની માંગ ઉઠી

(પ્રતિનિધિ)વડોદરા,તા.5

વડોદરા શહેરના સલાટ વાડા વણીકર પાગા વિસ્તારમાં આવેલા એક ગેરેજના કમ્પાઉન્ડમાં વર્ષો જૂના પીપળાના વૃક્ષની મોટી ડાળી અચાનક તૂટી પડતા નીચે પાર્ક કરેલા ચારથી વધુ ટુ-વ્હીલર દબાઈ ગયા હતા.

સદનસીબે ઘટના સમયે ગેરેજમાં કે આસપાસ કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી મોટી જાનહાનિ થતા બચી ગઈ હતી. જોકે, વાહનોને નુકસાન થયું છે.

ગેરેજના માલિકના જણાવ્યા મુજબ, આ જર્જરિત વૃક્ષને હટાવવા માટે છેલ્લા બે વર્ષથી વડોદરા મહાનગરપાલિકામાં વારંવાર અરજીઓ આપવામાં આવી હતી. પરંતુ તંત્ર દ્વારા આજ દિન સુધી કોઈ કાર્યવાહી ન કરાતા આજે આ ઘટના બની છે. સ્થાનિક રહીશોએ તંત્રની બેદરકારી સામે રોષ વ્યક્ત કર્યો છે. લોકોનું કહેવું છે કે જો સમયસર વૃક્ષ હટાવી દેવામાં આવ્યું હોત તો નુકસાન ટાળી શકાયું હોત. હાલ ચોમાસામાં જર્જરિત વૃક્ષો તૂટી પડવાની ઘટનાઓ વધી રહી છે. ત્યારે તંત્ર દ્વારા તાત્કાલિક સર્વે કરીને જોખમી વૃક્ષો હટાવવાની માંગ ઉઠી છે.

આપણું બાળક આવશે તેની કોઈ ઇજ્જત રહેશે નહીં તેમ કહીને ત્રાસ ગુજારતા હતા

માનસિક-શારીરિક ત્રાસથી કંટાળી પરિણીતાનો આપઘાત, પતિ સામે દુષ્પ્રેરણનો ગુનો દાખલ

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

વડોદરાના તરસાલી વિસ્તારમાં રહેતી એક પરિણીતાએ દહેજ અને માનસિક-શારીરિક ત્રાસથી કંટાળીને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાની ચોંકાવનારી ઘટના બની હતી.

આ મામલે મૃતકના પતિ સામે કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. કપુરાઈ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ મૂળ નારોલ, અમદાવાદ ખાતે રહેતા અને હાલ રંગોલી નગર પાસે રહેતા ગુડ્ડીબેન રામરૂપ વાસુદેવ જોશીએ ફરિયાદ નોંધાવી છે. તેમની દીકરી નેહા જોશીના લગ્ન તા. 21 ફેબ્રુઆરી 2026 ના રોજ વડોદરાના તરસાલી સ્થિત શિવમ રેસીડેન્સીમાં રહેતા કાર્તિક રાજેન્દ્રકુમાર જોશી સાથે થયા હતા. ફરિયાદમાં આક્ષેપ કરાયો છે કે લગ્નના એકાદ મહિના બાદથી જ આરોપી કાર્તિક જોશીએ નેહાને ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. આરોપી કહેતો કે તને નોકરાણી તરીકે લાવેલ છું, તારે અહીંયા કામ જ કરવાનું છે. મારી બેનને સાચવવાની છે અને જ્યારે પણ તુ ઘરમાં ફરતી હોય ત્યારે લાજ કાઢીને ફરવાનું અને લાજ કાઢીને જ કામ કરવાનું રહેશે.

વધુમાં આક્ષેપ છે કે તુ લગ્ન સમયે સામાન પણ તુટેલ-ફુટેલ લાવી છે અને દહેજ પણ ઓછું લાવેલ છે. તુ તારી માતાના ઘરેથી પૈસા લઈ આવ. મારી બહેનના છોકરા આવશે તેનું જ માન રહેશે અને તારે તેને જ સાચવવાના રહેશે. આપણું બાળક આવશે તેની કોઈ ઈજ્જત રહેશે નહીં તેમ કહીને શારીરિક-માનસિક ત્રાસ આપી મરવા પર મજબૂર કરાતી હતી. આ ત્રાસથી કંટાળીને નેહા જોશીએ ગત તા.4 ના રોજ સવારના આશરે 9:15 થી 9:45 વાગ્યા દરમિયાન પોતાના બેડરૂમમાં સીલીંગ ફેન પર સાડી બાંધી ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી દીધું હતું. આ બનાવ અંગે તપાસના અંતે કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 108, 80, 85 તથા દહેજ પ્રતિબંધ ધારા કલમ-3, 4 મુજબ ગુનો નોંધાયો છે.

યુવા કલાકારો સાથે તાલ મિલાવી સૌને કર્યા મંત્રમુગ્ધ

કમાટીબાગના બેન્ડ સ્ટેન્ડ પર મ્યુ. કમિશનર અરુણ મહેશ બાબુનો અનોખો અંદાજ

કલાકારોનો ઉત્સાહ બેવડાયો; કલા-સંગીત જ સંસ્કારી નગરીની ઓળખ કહી યુવાનોને પ્રોત્સાહિત કર્યા

(પ્રતિનિધિ)વડોદરા,તા.5

સંસ્કારી નગરી વડોદરાના ઐતિહાસિક કમાટીબાગના બેન્ડ સ્ટેન્ડ પર એક અનોખું દૃશ્ય જોવા મળ્યું હતું. મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ યુવા કલાકારોની સંગીત મહેફિલમાં જોડાયા અને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. પોતાના હોદ્દાની ગરિમા બાજુએ મૂકીને કમિશનર અરુણ મહેશ બાબુ એક સામાન્ય નાગરિકની જેમ યુવાઓ વચ્ચે બેઠા હતા. તેમણે યુવા કલાકારો સાથે તાલ મિલાવી, તેમના સંગીતને માણ્યું અને ખુદ પણ કલાકારોને પ્રોત્સાહિત કર્યા. મ્યુનિસિપલ કમિશનરને પોતાની વચ્ચે આ રીતે જોઈને યુવા કલાકારોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે અરુણ મહેશ બાબુએ જણાવ્યું કે, સંસ્કારી નગરીની સાચી ઓળખ કલા અને સંગીતથી જ છે. આવા જાહેર સ્થળોએ યુવાઓને પોતાની પ્રતિભા રજૂ કરવા માટે પ્લેટફોર્મ મળે તે ખૂબ જ જરૂરી છે. તેમણે યુવાઓને કલા ક્ષેત્રે આગળ વધવા પ્રેરણા પણ આપી હતી.

૧૧૨ પોલીસ વાન પાસે રીલ બનાવી યુવકે વાંધાજનક ડાયલોક સાથે પોલીસને પડકાર ફેંક્યો

જેલ જાઓ રોજ જાઓ, લેકિન લડકી કે ચક્કર મેં નહિ

(પ્રતિનિધિ)વડોદરા,તા.5

વડોદરા શહેરમાં એક યુવકે સોશિયલ મીડિયા પર પોલીસને પડકાર ફેંકતો વીડિયો મૂકીને ખળભળાટ મચાવ્યો છે. 112 જનરક્ષક પોલીસ વાન પાસે ઊભા રહીને આ ઇસમે વાંધાજનક ડાયલોગ સાથે રીલ બનાવી છે, જે હાલ સોશિયલ મીડિયામાં ઝડપથી વાયરલ થઈ રહી છે.

વાયરલ વીડિયોમાં યુવક એમ કહેતો જોવા મળે છે કે, જેલ જાઓ રોજ જાઓ કોઈ દિગ્ગત નહિ, લેકિન કભી લડકી કે ચક્કર મેં નહિ, અગર કભી જેલ જાના હુઆ તો 307, 302 કરકે જાઓ. ઉલ્લેખનીય છે કે જૂની ભારતીય દંડ સંહિતા (IPC) મુજબ કલમ 307 હત્યાના પ્રયાસ અને કલમ 302 હત્યાના ગુના માટે લાગુ પડે છે.

આ ગંભીર ગુનાઓમાં પોલીસ દ્વારા આ કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

પોલીસ વાન પાસે ઊભા રહીને આ પ્રકારનો ડાયલોગ બોલીને યુવકે જાહેરમાં કાયદા વ્યવસ્થાને પડકાર ફેંક્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ વીડિયો સામે આવ્યા બાદ વડોદરા પોલીસ હરકતમાં આવી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, વીડિયોમાં દેખાતા યુવકની ઓળખ કરવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.

કાલોલમાં સરકારી આવાસો બન્યા કાળમુખા; ડેરોલમાં ધાબું તૂટી પડતાં યુવકનું મોત

(પ્રતિનિધિ), કાલોલ. તા.૫

કાલોલ તાલુકામાં જર્જરિત મકાનો અને આવાસો જાણે નિર્દોષ નાગરિકો માટે કાળમુખા સાબિત થઈ રહ્યા છે. કાલોલ તાલુકાના ડેરોલ ગામમાં એક જર્જરિત સરકારી આવાસનું ધાબું (સ્લેબ) અચાનક તૂટી પડતાં ઉપ વર્ષીય યુવકનું કાટમાળ નીચે દબાઈ જવાથી કરુણ મોત નીપજ્યું છે. ઉલ્લેખનીય છે કે, હજુ થોડા દિવસ પહેલાં જ આ વિસ્તારમાં દિવાલ ધરાશાયી થવાને કારણે બળવંતભાઈ પરમાર નામના એક વૃદ્ધનું મોત નીપજ્યું હતું, જે બાદ આ બીજી મોટી દુર્ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

વડોદરા શહેર અને જિલ્લામાં સર્પદંશના બનાવોમાં ઉછાળો

રવાલ ગામના બાળક અને આજવા રોડના રહીશને સાપ કરડ્યો

૯ વર્ષના બાળક અને ૪૫ વર્ષીય આધેડ સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ

(પ્રતિનિધિ), વડોદરા. તા.5

વડોદરા શહેરમાં ચોમાસાની શરૂઆત થતાની સાથે જ ઠેર-ઠેર સાપ નીકળવાના બનાવોમાં ચિંતાજનક વધારો થયો છે. ગતરોજ શહેર અને જિલ્લામાં સર્પદંશની બે અલગ-અલગ ઘટનાઓ સામે આવતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. બંને કિસ્સામાં ભોગ બનનારને તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પ્રથમ બનાવની વિગત મુજબ, વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકામાં આવેલા રવાલ ગામમાં રહેતો ૯ વર્ષીય બાળક રમતો હતો તે દરમિયાન અચાનક સાપે તેને પગના ભાગે ડંખ માર્યો હતો. બાળકને વેદના થતા પરિવારજનો ગભરાઈ ગયા હતા. તત્કાલ બાળકને સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો, જ્યાં તેની પ્રાથમિક સારવાર શરૂ કરવામાં આવી છે. બીજી ઘટનામાં શહેરના આજવા રોડ પર આવેલી હરિકૃષ્ણ ટાઉનશિપમાં રહેતા ૪૫ વર્ષીય નરેન્દ્રભાઈ પરમારને સાપ કરડ્યો હોવાનો કિસ્સો સામે આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, નરેન્દ્રભાઈ પોતાના ઘરના પરિસરમાં હતા ત્યારે તેમને જમણા હાથના અંગૂઠાના નીચેના ભાગે સાપે ડંખ માર્યો હતો. આકસ્મિક રીતે બનેલી આ ઘટનાને પગલે પરિવારજનો તેમને તાત્કાલિક સયાજી હોસ્પિટલ સારવાર માટે લઈ ગયા હતા. હોસ્પિટલના તબીબો દ્વારા તેમની હાલત સ્થિર હોવાનું જણાવાયું છે.

મેઘરાજાની સંતાકૂકડી : ગરમીથી નગરજનો પરેશાન,તાપમાન 33.2 ડીગ્રી

વડોદરા : વડોદરા શહેર માટે હવામાન વિભાગે આગામી બે દિવસ યેલો એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગના લોકલ વેધર રિપોર્ટ મુજબ શહેરમાં ગાજવીજ સાથે ભારે વરસાદની શક્યતા છે. રવિવારે શહેરનું મહત્તમ તાપમાન 33.2 ડીગ્રી નોંધાયું જે સામાન્ય કરતા 0.6 ડીગ્રી ઓછું છે, જ્યારે લઘુત્તમ તાપમાન 26.2 ડીગ્રી રહ્યું જે સામાન્ય કરતા 0.2 ડીગ્રી ઓછું છે. છેલ્લા 24 કલાકમાં માત્ર 5 મીમી વરસાદ પડ્યો છે. સવારે ભેજનું પ્રમાણ 92% અને સાંજે 68% નોંધાયું હતું. 7 દિવસની આગાહી મુજબ આગામી 11 જુલાઈ સુધી દરરોજ થન્ડરસ્ટ્રોમ વીથ રેન ની શક્યતા છે. જોકે 6 જુલાઈ માટે ખાસ હેવી રેનફોલની ચેતવણી આપવામાં આવી છે. આ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન 32 ડીગ્રી અને લઘુત્તમ 27 ડીગ્રી રહેવાની શક્યતા છે. તા. 7 જુલાઈથી વરસાદનું જોર ઘટશે સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.